| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૭–૩–૨૦૧૬ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૭–૩–૨૦૧૬ | | |
| ફેંસલ તારીખ | : | ૨૬–૨–૨૦૧૮ | | |
| ડયુરેશન : | | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**બનાસકાંઠા જીલ્લાના મહેરબાન સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ:પાલનપુર**

**સેશન્સ કેસ નં. ૧૮/૨૦૧૬**

**આંક :–** .

**શ્રી સરકાર :–**

મુળ ફરીયાદી અમૃતભાઈ દેવાભાઈ દેસાઈ ..... **ફરીયાદી**.

**–: વિ રૂ ઘ્ઘ :–**

(૧) વિનોદભાઈ રત્નાભાઈ ચૌહાણ,
ઉ.વ.૩૯, ધંધો–વકીલાત,
(૨) આશિષ ઉર્ફે લાલાભાઈ ખેંગારભાઈ ચૌહાણ,
ઉ.વ.૨૬, ધંધો–નોકરી,
(૩) હરીભાઈ થોભનભાઈ ચૌહાણ,
ઉ.વ.૫૧, ધંધો–મજુરી,
(૪) મુકેશભાઈ જેઠાભાઈ ચૌહાણ,
ઉ.વ.૩૧, ધંધો–ડ્રાઈવીંગ,
(૫) નયનભાઈ સવાભાઈ ચૌહાણ,
ઉ.વ.૩૦, ધંધો–ડ્રાઈવીંગ,
તમામ રહે. મીઠીવાવડી, તા. પાલનપુર,
જી. બનાસકાંઠા. ..... **આરોપીઓ.**

**ગુન્હો** :– ભારતીય દંડ સંહિતાની ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.
(પાલનપુર સીટી પુર્વ પો.સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૪૭/૧૩)

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એમ.જોષી**
**આરોપીઓ તરફે વિ.વકીલશ્રી કે.સી.પંચાલ**
**–: ચૂકાદો :–**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ પાલનપુરના વિ.ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ સજાપાત્ર ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ હકીકત ટૂંકમાં એવી છે કે, તા.૩૧/૦૩/૨૦૧૩ ના રોજ રાત્રીના દશેક વાગે ફરીયાદી મીઠી વાવડી આગળ તેમના વાસમાં જવાના રસ્તે થઈ નીકળતા હતા તે વખતે નયનકુમાર સવાભાઈ તથા ફરીયાદીના ભત્રીજા હીતેષભાઈ મોતીભાઈને રસ્તાની ચાલવા બાબતે બોલાચાલી તકરાર થયેલ હોઈ, ફરીયાદી સમજાવવા જતાં, ઉશ્કેરાઈ જઈ, નયનભાઈના હાથમાં તલવાર હતી તે ફરીયાદીના જમણા હાથના કાંડા ઉપર મારેલ તે વખતે હોબાળો થતાં, નયનભાઈના કુટુંબી મુકેશભાઈ જેઠાભાઈ, લાલાભાઈ ખેંગારભાઈ તથા હરીભાઈ થોભણભાઈ, તથા વિનોદભાઈ રત્નાભાઈનાઓ લાકડીઓ લઈ આવી, ફરીયાદીને જેમ તેમ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારેલ તે વખતે હીતેષભાઈ છોડાવવા વચ્ચે પડતાં, તેઓને પણ લાકડી તથા ગડદાપાટુનો માર મારવા લાગેલ તે વખતે વધુ હોબાળો થતાં, ફરીયાદીના મહોલ્લાના અરવિંદભાઈ હરીભાઈ વિ. આવી વધુ મારમાંથી છોડાવેલ તે વખતે આ પાંચેય જણા કહેવા લાગેલ કે, આજે તમે લોકો બચી ગયા છો પરંતુ હવે પછી એકલો મળીશ તો જાનથી મારી નાંખીશું તેવી જાસા ધમકી આપી, ભુંડી ગાળો બોલી તેમના ઘરો જતા રહેલા ત્યારબાદ ફરીયાદીએ ઈજા સબબ સરકારી હોસ્પી. પાલનપુરમાં સારવાર

કરાવેલ સબબ પ્રો. પી.એસ.આઈ.શ્રી પાલનપુર પુર્વ પો.સ્ટે. રુબરુ ફરીયાદ હકીકત જાહેર કરેલ. જે ફરીયાદ આધારે ગુનો નોંધ્યા બાદ, પોલીસે તપાસને અંતે, આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતાં, પાલનપુરના વિ. ચીફ જ્યુડી.મેજી.શ્રીની કોર્ટમાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૩) સદર ગુનાના કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલશ્રીની જરુર છે કે કેમ, તેવી ખાત્રી કરતાં, આરોપીઓએ પોતાના ખર્ચે વકીલશ્રી રોકવા જણાવેલ અને આ ગુનાના કામનો ક્રોસ કેસ સ્પે.(એટ્રો.)નં. ૩૩/૧૪ સેસન્સ ટ્રાયબલ હોઈ, સદર કેસ પણ ઉપરોકત ક્રોસ કેસની સાથે ચાલે તે સારુ નીચેની કોર્ટે આ સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ, આ સેશન્સ કેસની સુનાવણી, આ સેશન્સ અદાલત મારફત હાથ ધરવામાં આવેલ છે.

(૪) આ કામના આરોપીઓ વિરુધ્ધ આંક–૯ થી ભારતીય દંડ સંહિતાની ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, આંક–૧૦ થી ૧૪ સુધી આરોપીઓના જવાબ લેતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવા માંગે છે, તેવું જણાવેલ છે. જેથી, આ કામે ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| –: મૌખિક પુરાવા :– | | |
|---|---|---|
| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ |
| ૧ | ૧૮ | ડો.પ્રવિરચંદ રામેશ્વરચંદ પટેલ |
| ૨ | ૨૨ | મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના પંચ જગદીશભાઈ રામાભાઈ |
| ૩ | ૨૪ | મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના પંચ બાબુભાઈ ધરમાભાઈ |

| | | |
|---|---|---|
| ૪ | ૨૬ | મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના પંચ મેહુલભાઈ યોગેન્દ્રભાઈ |
| ૫ | ૨૮ | મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના બીજા પંચ ટીનુજી રાજુજી |
| ૬ | ૩૪ | મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના બીજા પંચ અરવિંદભાઈ ભાણાભાઈ |
| ૭ | ૫૫ | ફરીયાદી અમરતભાઈ દેવાભાઈ દેસાઈ |
| ૮ | ૫૮ | સાહેદ હિતેષભાઈ મોતીભાઈ દેસાઈ |
| ૯ | ૬૧ | સાહેદ પ્રિતીબેન અમરતભાઈ દેસાઈ |
| ૧૦ | ૬૨ | સાહેદ અરવિંદભાઈ હરીભાઈ |
| ૧૧ | ૬૪ | પી.એસ.ઓ. બળદેવભાઈ લવજીભાઈ |
| ૧૨ | ૭૦ | ત.ક.અ. રાજેન્દ્ર બાબુભાઈ |
| ૧૩ | ૭૨ | ત.ક.અ. શૈલેષકુમાર કાળીદાસ |

| -: દસ્તાવેજી પુરાવા :- | | |
|---|---|---|
| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
| ૧ | ૧૯ | ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ. |
| ૨ | ૨૩, ૨૫, ૨૭ | મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામા |
| ૩ | ૨૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૩૦, ૩૧ | આરોપીના ઘરની ઝડતી પંચનામું |
| ૫ | ૫૬ | ફરીયાદ |
| ૬ | ૬૫ | ગુનો રજીસ્ટર કરવા સબબ યાદી |
| ૭ | ૬૬ | ભારે ગુનાનો સ્પે.રીપોર્ટ |

(૫) ઉપર મુજબનો પુરાવો લીધા બાદ, ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ હેઠળ આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી, આરોપી નં. ૫ ને ફરીયાદીએ માર મારેલ હોઈ તેના ક્રોસ કેસમાં ખોટી ફરીયાદ દાખલ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૬) ઉપરોકત સંજોગોમાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

૧: શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૩૧/૩/૧૩ ના રોજ ક. ૨૨/૦૦ વાગે મોજે પાલનપુર મીઠીવાવડી ખાતે આરોપી નં. ૫ તથા સાહેદ હીતેશભાઈ વચ્ચે રસ્તા ઉપર ચાલવા બાબતે બોલાચાલી થતાં, આ કામના ફરીયાદી સમજાવવા જતાં, આ તકરારની અદાવત રાખી, આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચી, તેના તમામ આરોપીઓ સભ્ય બની આરોપીઓએ તલવાર તથા મુદ્દામાલ લાકડી જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, ફરીયાદી તથા સાહેદો પર હુલ્લડ કરી, આરોપી નં. ૫ નાએ ફરીયાદીના જમણા હાથના કાંડા ઉપર તલવાર મારી, તથા આરોપી નં. ૧ થી ૪ નાએ ફરીયાદી તથા સાહેદ હીતેશભાઈને લાકડીઓથી શરીરે માર મારી તથા આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ હીતેશભાઈને ગડદાપાટુનો માર મારી, ફરીયાદી તથા સાહેદને સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી, ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪ સાથે વાંચતા ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત સ્થળ, તારીખ અને સમયે આરોપીઓએ સાથે મળી ગેરકાયદેસર મંડળી રચી, ગેરકાયદેસર મંડળીના સભ્ય બની, તલવાર તથા લાકડી જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી, અપમાનીત કરી, ઉશ્કેરાટને કારણ આપી, ઈ.પી.કો.ક. ૫૦૪ સાથે વાંચતા ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે?

૩. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત સ્થળ, તારીખ અને સમયે આરોપીઓએ સાથે મળી ગેરકાયદેસર મંડળી રચી, ગેરકાયદેસર મંડળીના સભ્ય બની, તલવાર તથા લાકડી જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકી આપી, ઈ.પી.કો.ક. ૫૦૬(૨) સાથે વાંચતા ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના મારા નિર્ણયો નીચે મુજબ છે. :-

૧: નકારમાં
૨: નકારમાં
૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

(૮) ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રીએ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીઓને કાયદામાં ઠરાવેલ સજા કરવા દલીલો કરેલ છે.

(૯) આરોપીઓ તરફે વિ.વકીલશ્રીએ ૯૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે અને આ આંક: ૯૫ ની લેખીત દલીલોના સમર્થનરુપ મૌખિક દલીલો કરેલ છે વધુમાં આરોપીઓ તરફે આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધના કેસની હકીકત પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ હોઈ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. બચાવપક્ષે પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

૧) ૧૯૭૨ (૦) જીએલએચઈએલ એચ.સી. ૨૦૯૨૯૬

૨) ૨૦૦૨(૧) જીએલએચ (યુજે) ૪

(૧૦) આ કામના આરોપીઓ સામે આંક-૯ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, આરોપીઓ વિરુધ્ધ જયારે ભારતીય દંડ સંહિતાની ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) અન્વયે શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે, ફરીયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાને આધીન આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરે છે કે કેમ, તે માટે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવાની ચર્ચા કરવી જરુરી જણાય છે.

## ::મૌખિક પુરાવાની ચર્ચા ::

## ફરીયાદી તથા સાહેદના પુરાવાની ચર્ચા

(૧૧) ફરીયાદપક્ષ તરફે આંક: ૫૫ થી સાહેદ નં. ૭ તરીકે ફરીયાદી અમરતભાઈ દેવાભાઈને તપાસવામાં આવેલ છે. આંક: ૫૫ ના ફરીયાદીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,

બનાવ તા. ૩૧/૩/૧૩ ના રોજ બનેલો. તે વખતે તેઓ મીઠીવાવથી તેમના ઘર બાજુ જવાના રસ્તે જતા હતા તે વખતે હીતેશભાઈ અને નયનભાઈ એકબીજા સાથે તકરાર કરતા હતા પછી તેઓ છોડાવવા ગયેલા. નયનભાઈના હાથમાં તલવાર હતી જે તેમને જમણા હાથમાં કાંડા ઉપર મારેલ હતી. ત્યાં આગળ લાલાભાઈ ખેંગારભાઈ, મુકેશભાઈ જેઠાભાઈ, હરીભાઈ થોભણભાઈ અને વિનોદભાઈ રત્નાભાઈ લાકડીઓ લઈ ગાળો અપશબ્દો બોલતા હતા અને મારી નાંખવાની ધમકીઓ આપતા હતા. ત્યારબાદ તેમનો ભત્રીજો અરવિંદભાઈ હરીભાઈ આવી તેમને પાલનપુર સીવીલમાં લાવેલ અને એડમીટ કરેલ. બનાવ અંગે તેઓએ ફરીયાદ આપેલ તેમ જણાવે છે. આ ફરીયાદીના પુરાવા દરમ્યાન આંક: ૫૬ થી ફરીયાદ રજુ થયેલ છે.

આંક: ૫૫ થી ફરીયાદીની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં વિનોદભાઈ લાકડી લઈ આવેલાનું ફરીયાદમાં જણાવેલ નહીં હોવાનું સ્વિકારેલ છે. વધુમાં ગુનાવાળી જગ્યાની પુર્વે નારણભાઈ પંચાલનું મકાન, પશ્ચિમ બાજુ આરોપીની માતાનું મકાન તેમજ ઉત્તર દક્ષીણ આ.સી.સી.નો પાકો રોડ સલેમપુરા જવાનો આવેલ છે. મીઠીવાવથી સલેમપુરા જતાં પ્રથમ આરોપીઓનું મકાન આવે ત્યારબાદ તેમનું મકાન આવે છે. તેમના મહોલ્લામાં રહેતા બધા ગાય ભેંસો રાખેલ છે પરંતુ તેઓ રાખતા નથી. મહોલ્લામાં જે ગાય રાખે છે તે બધા દુધ દોહીને ગાયોને છોડી દે છે. બનાવના બે માસ પહેલા ગાયોને દુર કરાવવા માટે એસ.પી.ને અરજી આપેલ તે વાત ખરી નથી. ગાયો બાબતે અવાર-નવાર હીતેશભાઈને આરોપીઓ સાથે તકરાર થયેલ હોય તો તેની તેમને ખબર નથી. બનાવ પહેલા તેમને આરોપીઓ સાથે કોઈ તકરાર હતી નહીં.

બનાવ બન્યો તે સમયે નયનભાઈ ગાડી લઈને જતા હતા અને હીતેશભાઈને રસ્તામાં ઉભા હોય તો તે વાત ખરી નથી. નયનભાઈએ હીતેશભાઈને રસ્તામાંથી ગાડી લઈને જતા હોઈ ખસવાનું કહેલ હોય તો તેની તેમને ખબર નથી. બનાવના દિવસે હિતેશભાઈ, અક્ષયભાઈ, આકાશભાઈ અને મહાદેવભાઈએ નયનભાઈ પર હુમલો કરેલ હોય તો તેની પણ તેમને ખબર નથી. હીતેશભાઈ નયનભાઈને તલવાર મારવા જતાં તેમનો હાથ વચ્ચે આવતાં, હાથ ઉપર તલવાર

તેમને વાગેલી તે વાત સ્વિકારેલ છે. હિતેશભાઈ, અક્ષયભાઈ ઉપર ફરીયાદ થયેલ છે. તેઓએ જે દવાખાનામાં સારવાર લીધેલ તે દવાખાનામાં નયનભાઈ સારવાર હેઠળ હતા. હિતેશભાઈ અને અક્ષયભાઈ તેમને મુકીને નાશી ગયેલ હોય તો તેની તેમને ખબર નથી. તેમને દવાખાને હીતેશભાઈ, અક્ષયભાઈ કે મહાદેવભાઈ લઈ ગયેલા નહીં. તેમને ઈજા થયેલત્યારે તેઓ ભાનમાં હતા. તેઓએ ફરીયાદ લેખીતમાં આપેલ હતી. આરોપીઓએ તેમને કોઈ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી કે ગાળો બોલેલ નથી તે વાતનો ઈન્કાર કરેલ છે.

(૧૨) ફરીયાદપક્ષ તરફે આંક: ૫૮ થી સાહેદ નં. ૮ તરીકે સાહેદ હિતેશભાઈ મોતીભાઈને તપાસવામાં આવેલ છે. આંક: ૫૮ ના સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૩૧/૩/૧૩ ના રાત્રે નવથી સાડા નવ વાગે તેઓ ઘરની બહાર ઉભા હતા ત્યારે નયનભાઈ સવાભાઈ તેઓની ટવેરા ગાડી લઈ આવી ગાય ઉપર નાંખેલી અને પછી તેમના ઉપર નાંખેલી જેથી તેઓ ખસી ગયેલા. નયનભાઈ દારુ પીધેલો હતો અને તેના ઘરેથી વિનોદભાઈ, લાલાભાઈ, મુકેશભાઈ અને હરીભાઈ આવીને ગાળાગાળી કરવા લાગેલા પછી તેમના કાકા અમરતભાઈ દેવાભાઈ મીઠીવાવ તરફથી આવેલ અને દારુ પીને રહેઠાણવાળા એરીયામાં આટલી સ્પીડે ગાડી ચલાવો છો તો કોઈને વાગશે તેમ કહેતાં, નયનભાઈ ઘરેથી તલવાર લઈ આવી તેમના કાકાના જમણા હાથ ઉપર મારેલી અને તેઓ છોડાવવા જતાં, બીજા સાથે હતા તેઓએ તેમને માર મારેલો. બીજા લોકો પાસે લાકડી, ધોકા હતા.

આંક: ૫૮ ના સાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમના કાકા અમરતભાઈ દેવાભાઈ મીઠીવાવ તરફથી આવતા હતા તેઓએ જણાવેલ કે, તમે દારુ પી ને રહેઠાણવાળા એરીયામાં આટલી સ્પીડે ગાડી ચલાવો છો તો કોઈને વાગશે તેવું પોલીસ રુબરુના નિવેદનમાં તેઓએ લખાવેલ નહીં હોવાનું સ્વિકારેલ છે જયારે પોલીસ રુબરુના નિવેદનમાં ચાર જણા આવીને ગાળાગાળી કરવા લાગેલા તેવું લખાવેલ નથી તેનો ઈન્કાર કરેલ છે.

બનાવવાળી જગ્યાની પુર્વે નારણભાઈ પંચાલનું મકાન, પશ્ચિમે આરોપીઓનું મકાન અને ઉત્તર દક્ષિણ આર.સી.સી.નો પાકો રોડ છે. મીઠીવાવથી સલેમપુરા જતા પ્રથમ તેમનું મકાન આવે અને પછી આરોપીઓનું મકાન આવે છે.

તેઓ ગાયો રાખે છે. સવારે ગાયોનું દુધ લીધા પછી છોડી દેતો હોય તો તેવાત ખરી નથી. નયનભાઈએ ગાયો મહોલ્લામાં છોડી દેવા બાબતે એસ.પી.કચેરીમાં અરજી કરેલ હોય તો તેની તેમને ખબર નથી. તે અરજીના અનુસંધાને નગરપાલિકાવાળાએ તેમને તથા તેમના ભાઈઓને ગાયો બાંધી દેવાનું કહેવા આવેલા હોય તો તે વાત ખરી નથી.

બનાવ બન્યો તે સમયે નયનભાઈ ગાડી લઈને આવતા હતા તે વખતે તેઓ રસ્તામાં વચ્ચે ઉભા હોય અને નયનભાઈએ તેમને રસ્તામાંથી હટી જવાનું કહેતાં તેઓએ ના પાડેલ હોય જેથી તેઓ તેમના ઘરે જઈ તલવાર તેમજ મહાદેવભાઈ અને આકાશના હાથમાં લાકડી અને અક્ષયના હાથમાં તલવાર લઈ આવી, નયનભાઈ ઉપર હુમલો કરેલ અને તે તલવારથી નયનભાઈને ડાબી આંખ તથા કપાળ ઉપર ઈજા કરેલ તેમજ અક્ષયભાઈએ નયનભાઈએ તલવાર માથાના પાછળના ભાગે મારેલ અને આકાશભાઈએ નયનભાઈને લાકડી ડાબા હાથના કોણીથી કાંડાના ભાગે મારેલ અને મહાદેવભાઈએ નયનભાઈને તેમના હાથમાંની લાકડી જમણા પગના ઢીંચણ ઉપર મારેલ નયનભાઈએ બુમાબુમ કરતાં તેની પત્ની અને માતા આવતાં તેમને પણ તેઓએ માર મારેલ હોય તે તમામ હકીકતો ખરી નહીં હોવાનું જણાવે છે.

તેઓએ કોઈ સારવાર લીધેલ નથી તેમને પગે લાકડી અને ગડદાપાટુનો માર મારેલ હતો. નયનભાઈએ તેમના વિરુધ્ધ પાલનપુર પો.સ્ટે.માં ફરીયાદ દાખલ કરેલ. નયનભાઈને તલવાર મારવા ઉગામેલી જે અમરતભાઈ વચ્ચે આવતાં, તેમને વાગેલ હોય તો તે વાત ખરી નથી. અમૃતભાઈની સાથે તેઓ દવાખાને ગયેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષ તરફે આંક: ૬૧ થી સાહેદ નં. ૯ તરીકે સાહેદ પ્રિતીબેન અમરતભાઈને તપાસવામાં આવેલ છે. આંક: ૬૧ ના સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા. ૩૧/૩/૧૩ ના રોજ રાત્રે ૯/૩૦ થી ૧૦/૦૦ વચ્ચે બનેલ. બનાવ

સમયે તેઓ ટી.વી.જોતા હતા અને બહાર હોબાળો થતાં, તેઓએ જોયેલ તો, તેમના ભત્રીજા હિતેશભાઈને નયનભાઈ સાથે રસ્તા ઉપર ચાલવાની બાબતે બોલાચાલી થતાં, તેણીના પતિ સમજાવતાં, નયનભાઈએ તેના હાથમાંની તલવાર તેમના પતિને જમણા હાથના કાંડા ઉપર મારેલી અને હિતેશભાઈ છોડાવવા જતાં, મુકેશભાઈ, લાલભાઈ, વિનોદભાઈ વકીલ અને હરીભાઈ પાંચેય જણા હિતેશને અને તેણીના પતિ અમરતભાઈને લાકડીઓ અને ગડદાપાટુનો માર મારેલ. નયનભાઈ અને વિનોદભાઈએ '' આજે તો તમને જવા લઈએ છીએ બીજી વખત હાથમાં આવશો તો જાનથી મારી નાંખીશું તેવી ધમકીઓ આપેલ, તેમ જણાવે છે.

આંક: ૬૧ ના સાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, વિનોદભાઈ અને નયનભાઈએ '' આજે તમને જવા દઈએ છીએ તેવું પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ ન હતું તે હકીકતનો ઈન્કાર કરેલ છે. બનાવ બન્યો તે વખતે તેઓ બંને જણા ઘરમાં ટી.વી.દેખતા હતા. ગુનાવાળી જગ્યાથી તેમનું ઘર પાછળના ભાગે છે. સ્થળ ઉપરથી તેમને બનાવ બન્યો છે તેવું કહેવા આવતાં તેઓ સ્થળ ઉપર ગયેલ હોય અને તે વખતે બનાવ બની ગયેલ હોય તો તે વાત ખરી નથી. તેણી ગઈ ત્યારે નયનભાઈ સ્થળ ઉપર લોહીલુહાણ હાલતમાં પડેલ હોય અને ૧૦૮ આવેલ હોય તો તે વાત ખરી નથી. સ્થળ ઉપર તેણી ગઈ ત્યારે હિતેશભાઈ, અક્ષયભાઈ અને અર્જુનભાઈ સ્થળ ઉપરથી નાશી ગયેલા  તે વાત પણ ખરી નથી.

બનાવ પહેલા આરોપીઓ તથા તેણીના પતિ વચ્ચે કોઈ અણબનાવ ન હતો. બનાવની જગ્યાએ રાત્રે બધા છોકરાઓ બેસે છે. આરોપીઓએ હિતેશભાઈ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલ કે કેમ તેની તેમને ખબર નથી.

તેઓ કોઈ ગાયો રાખતા નથી. હિતેશભાઈ, અક્ષયભાઈ અને અર્જુનભાઈ ગાયો રાખે છે. આખા પાનલનપુરમાં બધા ગયો સવારે દુધ લીધા પછી છોડી નાંખે છે. રસ્તા ઉપર ગાયો ઉભી હોય છે તે હકીકત સ્વિકારેલ છે.

હિતેશભાઈ નયનભાઈને તલવાર મારવા જતાં અમરતભાઈને જમણા હાથના કાંડા ઉપર વાગેલ હોય તો તે વાત ખરી નહીં હોવાનું તેમજ આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નહીં હોવાની હકીકત પણ ખરી નહીં હોવાનું જણાવે છે.

(૧૪) ફરીયાદપક્ષ તરફે આંક: ૬૨ થી સાહેદ નં. ૧૦ તરીકે સાહેદ અરવિંદભાઈ હરીભાઈને તપાસવામાં આવેલ છે. આંક: ૬૨ ના સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ ૩–૪ વર્ષ અગાઉ બનેલો. તે વખતે તેઓ તેમની દુકાનથી ઘરે જતા હતા તે વખતે મીઠીવાવડી, રબારીવાસ આગળ હોબાળો ચાલતો હતો અને તે હોબાળામાં તેમના કાકા અમરતભાઈ તેમનો ભત્રીજો હિતેશભાઈ અને નયનભાઈના હાથમાં તલવાર હતી, મુકેશભાઈ, લાલાભાઈ અને વિનોદભાઈના હાથમાં લાકડીઓ હતી તે વખતે રસ્તે ચાલવાની મગજમારી ચાલતી હતી અને નયનભાઈએ તેમના હાથમાંની તલવાર અમરતભાઈના કાંડા ઉપર મારેલી તેમજ વિનોદભાઈ, મુકેશભાઈ અને લાલાભાઈ બધા ધમકીઓ આપતા હતા. તેઓને છોડાવેલા. અમરતકાકાને દવાખાને લઈ ગયેલા તેમ જણાવે છે.

આંક: ૬૨ ના સાહેદે તેમની બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમને તાલુકા પંચાયત સામે કિર્તીસ્તંભ પાસે ઈલેકટ્રીકની દુકાન છે જે રાત્રે નવ વાગે બંધ કરે છે. તેઓ ગયા ત્યારે ટોળું ભેગું થયેલ હતું અને હોબાળો ચાલતો હતો. તેઓ ગયા ત્યારે નયનભાઈ લોહીલુહાણ હાથમાં નીચે પડેલ હોય અને બનાવની જાણ લોકોના કહેવાથી થયેલ હોય તો તે વાત ખરી નથી. બનાવ તેઓએ નજરે જોયેલ નથી તો તે વાત પણ ખરી નહીં હોવાનું જણાવે છે. હિતેશભાઈની સામે નયનભાઈએ ફરીયાદ કરેલ તેની તેમને ખબર નથી. તેઓ તેમના કાકાને દવાખાનામાં દાખલ હોય તો તેમને ખબર નથી તેમ જણાવે છે.

## –: <u>તબીબી પુરાવાની ચર્ચા</u> :–

(૧૫) ફરીયાદ પક્ષ તરફે આંક–૧૮ થી સાહેદ નં. ૧ તરીકે ડો. પ્રવિરચંદ રામેશ્વરચંદને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ આંક: ૧૮ ના તબીબી અધિકારીશ્રીનો પુરાવો ધ્યાને લેતાં, જણાવે છે કે, તા. ૩૧/૩/૧૩ ના રોજ તેઓ ટ્રોમા સેન્ટર

જનરલ હોસ્પી. પાલનપુર ખાતે ફરજ પર હતા તે દરમ્યાન અમરતભાઈ દેવાભાઈ દેસાઈ,ને તેના સગા ધ્વારા સારવાર અર્થે લાવતાં, તેને પુછતાં જણાવેલ કે, ''મારા ઉપર તલવારથી હુમલો કરવામાં આવેલ છે''. દર્દીને ઈજાના સ્થળે લોહી ચાલુ હતું. દર્દીને ઈજા નં. ૧) એક કપાયેલો ઘા જમણા કાંડા ઉપર જેની સાઈઝ ૫ ઈંચ લાંબી, ૧/૨ સે.મી.ઉંડી અને ૧ /૪ પહોળાઈની હતી. દર્દીને થયેલ ઈજાઓ સાદી અને ધારદાર હથીયારથી થઈ શકે તેવી હતી જે મુદ્દામાલ હથીયાર તલવારથી થઈ શકે તેવી અને જો કોઈ આડઅસર ન થાય તો ૭ થી ૧૦ દિવસમાં મટી શકે તેવી હતી. દર્દીને તા. ૩૧/૩/૧૩ ના રોજ દાખલ કરી તા. ૪/૪/૧૩ ના રોજ રજા આપેલ. તેમના પ્રમાણપત્રમાં શરતચુકથી તા. ૪/૩/૧૩ લખાયેલ છે. આ અંગેનું તેઓએ પ્રમાણપત્ર આપેલ તેમ જણાવે છે. આ સાહેદની જુબાની દરમ્યાન આંક: ૧૯ થી ઈજા પામનારનું તબીબી પ્રમાણપત્ર રજુ થયેલ છે.

આંક: ૧૮ ના તબીબી અધિકારીશ્રીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે, દર્દીને તેમની પાસે સવારે ક. ૧૦/૦૦ વાગે લાવેલ. દર્દીએ કેટલા વાગે બનાવ બનેલ તે તેમને જણાવેલ નહીં. તેમની પાસે દર્દીને લાવેલ ત્યારે ઈજામાંથી લોહી નીકળતું હતું. દર્દીને ૧૨ કલાક પહેલા ઈજા થઈ હોય અને લોહી વહેતુ હોય તો તે દર્દી બેભાન થવાની સંભાવના રહે. દર્દી તેમની પાસે જાતે ચાલીને આવેલ. દર્દીએ હીસ્ટ્રીમાં કોણે ઈજા કરેલ તે જણાવેલ નહીં. કોઈ બે વ્યકિત લડતા હોય અને ત્રીજી વ્યકિત વચ્ચે પડે તો આવી ઈજા થઈ શકે. આ ઈજા સિવાય અન્ય કોઈ ઈજા દર્દીને ન હતી. દર્દીને ચાર દિવસ દવાખાનામાં રાખેલ તેની કોઈ જરુર ન હતી પરંતુ દર્દીના સગાના કહેવાથી દવાખાને રાખેલ હોય તો તે વાત ખરી નથી તેમ જણાવે છે.

**-: પંચ સાહેદોના પુરાવાની ચર્ચા :-**

(૧૬) ફરીયાદ પક્ષ તરફે આંક-૨૨ થી સાહેદ નં. ૨ તરીકે મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના પંચ જગદીશભાઈ રામાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદે તેમના પુરાવામાં તેમની સહી સિવાયની પંચનામાની હકીકતો અંગે તેઓ કંઈ જાણતા નહીં હોવાનું જણાવેલ છે. આ પંચ સાહેદે તેમના પુરાવામાં તેમની રુબરુ આરોપી આશીષ તથા

વિનોદભાઈની શરીરસ્થિતીનું પંચનામું કરી, મુદ્દામાલ હથીયાર રજુ કરતાં રીકવર કરેલ હોય તેવી આંક–૨૩ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન નહીં આપતાં, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતું તેમાંથી પણ ફરીયાદ પક્ષને મદદરુપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી. આમ, ફરીયાદ પક્ષ આ પંચ સાહેદના પુરાવાથી આ કામે આંક–૨૩ થી રજુ થયેલ આરોપીઓની શરીરસ્થિતી/મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે.

(૧૭) ફરીયાદ પક્ષ તરફે આંક–૨૪ થી સાહેદ નં. ૩ તરીકે બાબુભાઈ ઘરમાભાઈને તથા આંક: ૩૪ થી સાહેદ નં. ૬ તરીકે અરવિંદભાઈ ભાણાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદો આંક: ૨૫ ના મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ તેમના પુરાવામાં તેમની સહી સિવાયની પંચનામાની હકીકતો અંગે તેઓ કંઈ જાણતા નહીં હોવાનું જણાવેલ છે. આ પંચ સાહેદો તેમના પુરાવામાં તેમની રુબરુ આરોપી હરીભાઈ તથા મુકેશભાઈએ મુદ્દામાલ હથીયાર રજુ કરતાં રીકવર કરેલ હોય તેવી આંક–૨૫ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન નહીં આપતાં, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતું તેમાંથી પણ ફરીયાદ પક્ષને મદદરુપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી. આમ, ફરીયાદ પક્ષ આ પંચ સાહેદના પુરાવાથી આ કામે આંક–૨૫ થી રજુ થયેલ મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે.

(૧૮) ફરીયાદ પક્ષ તરફે આંક–૨૬ થી સાહેદ નં. ૪ તરીકે મેહુલભાઈ યોગેન્દ્ર ભાઈને તથા આંક: ૨૮ થી સાહેદ નં. ૫ તરીકે ટીનુજી રાજુજીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદો આંક: ૨૭ ના મુદ્દામાલ હથીયાર રીકવરી પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ તેમના પુરાવામાં તેમની સહી સિવાયની પંચનામાની હકીકતો અંગે તેઓ કંઈ જાણતા નહીં હોવાનું જણાવેલ છે. આ પંચ સાહેદો તેમના પુરાવામાં

તેમની રુબરુ આરોપી નયનભાઈએ  મુદ્દામાલ હથીયાર રજુ કરતાં રીકવર કરેલ હોય તેવી આંક–૨૮ થી  રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન નહીં આપતાં, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતું તેમાંથી પણ ફરીયાદ પક્ષને મદદરુપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી. આમ, ફરીયાદ પક્ષ આ પંચ સાહેદના પુરાવાથી આ કામે આંક–૨૮ થી રજુ થયેલ મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે.

–: **<u>પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચા</u>** :–

(૧૯) ફરીયાદ પક્ષ તરફે આંક–૬૪ થી પી.એસ.ઓ. બળદેવભાઈ લવજીભાઈને સાહેદ નં. ૧૧ તરીકે તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સાહેદ જણાવે છે કે, તેઓ તા. ૧/૪/૧૩ ના રોજ પાલનપુર સીટી પુર્વ પો.સ્ટે. માં પી.એસ.ઓ. તરીકે તેમની ફરજ પર હતા ત્યારે પી.એસ.આઈ.શ્રી રુબરુની ફરીયાદી અમરતભાઈ દેવાભાઈની ફરીયાદ ગુનો રજી. કરવાના હુકમ સાથે આવતાં, તેઓએ ગુનો રજીસ્ટર કરી, સુચિપત્ર તૈયાર કરી, ભારે ગુનાનો સ્પે.રીપોર્ટ તૈયાર કરી, આગળની તપાસ પી.એસ.આઈ.શ્રી એસ.કે.પરમારને સોંપેલ તેમ જણાવે છે. આ સાહેદની જુબાની દરમ્યાન આંક: ૬૫ થી ગુનો રજીસ્ટર કરવા સબબ યાદી, તથા આંક: ૬૬ થી ભારે ગુનાનો સ્પે.રીપોર્ટ રજુ થયેલ છે.

આંક: ૬૪ થી પી.એસ.ઓ.ની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેમને જે ફરીયાદ નોંધાવા આપેલ તે તેઓએ નોંધેલ તે જ દિવસે પાલનપુર સીટી પુર્વ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૬/૧૩ થી પણ નયનભાઈ સવાભાઈ ચૌહાણે ફરીયાદ દાખલ કરેલ જેનો ગુનો દાખલ કરેલ હોવાનું સ્વિકારેલ છે.

(૨૦) ફરીયાદ પક્ષ તરફે આંક–૭૦ થી ત.ક.અ. રાજેન્દ્ર બાબુભાઈ દેસાઈને સાહેદ નં. ૧૨ તરીકે તપાસવામાં આવેલ છે. આ ત.ક.અ.શ્રીનો પુરાવો ધ્યાને લેતાં,  જણાવે છે કે, એપ્રિલ–૧૩ માં તેઓ પી.આઈ. તરીકે પાલનપુર પુર્વ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન

ફરીયાદી અમરતભાઈ ફરીયાદ આપતાં, પી.એસ.આઈ.શ્રી પરમારનાઓ તેઓની રુબરુ લખી લઈ ગુનો રજી. કરાવેલ જેની શરુઆતની તપાસ તેમણે કરેલી અને વધુ તપાસ તેઓને સોંપાતાં તેઓએ તપાસ સંભાળી લઈ, સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લઈ, આરોપીઓને અટક કરી, શરીરસ્થિતીના તેમજ હથીયાર રીકવરીના પંચો રુબરુ પંચનામા કરી, મુદ્દામાલ રીકવર કરી, આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ, ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ, તેમ જણાવે છે.

આંક: ૭૦ ના ત.ક.અ.શ્રીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામું તેઓએ કરેલ નથી. તેઓ ગુનાવાળી જગ્યાએ ગયેલ હતા. ગુનાવાળી જગ્યાની પુર્વ બાજુએ નારણભાઈ પંચાલનું મકાન આવેલ છે. આ કામે નારણભાઈ પંચાલનું નિવેદન લીધેલ નથી. ગુનાવાળી જગ્યાએ બનાવના દિવસે ઘણા બધા લોકોની હાજરી હતી તે હકીકતનો ઈન્કાર કરી, અવર–જવર હતી તેમ જણાવે છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તે હકીકત સ્વિકારેલ છે. ગુનાવાળી જગ્યાએ પ્રથમ આરોપીઓના મકાન અને ૨૦૦–૩૦૦ ફુટ બાદ ફરીયાદીના મકાન આવેછે. તપાસ દરમ્યાન તેઓ ફરજ બજાવતા હતા તે સમય દરમ્યાન બનાવ પહેલા કોઈ ફરીયાદ થયેલાનુ જણાઈ આવેલ નહીં. હિતેશભાઈ દેસાઈના વિરુધ્ધ નયનભાઈ ચૌહાણે ગાયોના ત્રાસ બાબતે અરજી ફરીયાદ આપેલ હોય તો તે હકીકત ખરી નથી.

હિતેશભાઈ દેસાઈએ તેમની રુબરુના નિવેદનમાં '' મારા કાકા અમરતભાઈ મીઠીવાવ તરફથી આવતા હતા તેઓએ જણાવેલ કે, તમે દારુ પી ને રહેઠાણ વાળા એરીયામાં આટલી સ્પીડે ગાડી ચલાવો છો તો કોઈને વાગશે'' તેવું લખાવેલ નહીં. હિતેશભાઈએ તેમના રુબરુના નિવેદનમાં ચાર જણા આવીને ગાળાગાળી કરવા લાગેલા તેવું લખાવેલ.

અમરતભાઈએ ફરીયાદ દાખલ કરતાં હાલના આરોપીઓએ તેઓ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલ તે વાત ખરી હોવાનું જણાવે છે.

(૨૧) ફરીયાદ પક્ષ તરફે આંક–૭૨ થી ત.ક.અ. શૈલેષકુમાર કાળીદાસને સાહેદ નં. ૭૨ તરીકે તપાસવામાં આવેલ છે. આ ત.ક.અ.શ્રીનો પુરાવો ધ્યાને લેતાં, જણાવે છે કે, તા.

૧/૪/૧૩ ના રોજ તેઓ પાલનપુર પુર્વ પો.સ્ટે.માં પ્રોબેશન પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે ફરીયાદી અમરતભાઈ દેસાઈ આવી ફરીયાદ હકીકત જાહેર કરતાં તેમના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને ત્યારબાદ પી.એસ.ઓ.શ્રીએ આ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને સોંપતાં, તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચો રુબરુ પંચનામું કરી, આરોપીઓના ઘરની ઝડતીનું પંચો રુબરુ પંચનામું કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, આગળની તપાસ પી.આઈ.શ્રી આર.બી.દેસાઈને સોંપાતાં સાધનીક કાગળો તેઓ તરફ મોકલી આપેલ, તેમ જણાવે છે.

આંક: ૭૨ ના સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે, ફરીયાદીની ફરીયાદ રાત્રીના ૧/૩૦ વાગે લીધેલ. આ જ દિવસે રાત્રીના ક. ૧૧ /૦૦ વાગે નયનભાઈ સવાભાઈની ફરીયાદ તેઓએ લીધેલ હતી. બંને ફરીયાદો હોસ્પી.માં લીધેલ હતી. નયનભાઈની ફરીયાદ લીધેલ ત્યારે નયનભાઈ ગંભીરરીતે ઈજાગ્રસ્ત હતા.

ગુનાવાળી જગ્યાનું પંચનામું તેઓએ કરેલ. ગુનાવાળી જગ્યાએ ઉત્તર–દક્ષિણ સલેમપુરાથી મીઠીવાવડી જવાનો જાહેર રસ્તો આવેલ છે. ગુનાવાળી જગ્યાની પુર્વે આનંદ ગંગા નામનું નારણભાઈ પંચાલનું મકાન આવેલ છે. તે નારણભાઈ પંચાલનું નિવેદન તેઓએ લીધેલ નથી. હાલના આરોપી નયનભાઈ સવાભાઈ અને હિતેશભાઈ વચ્ચે ગાયો બાબતે તકરાર ચાલતી હતી અને કોઈ અરજી થયેલ કે કેમ તેની તેમને ખબર નથી. બનાવ પહેલા તે બંને વચ્ચે કોઈ તકરાર થયેલ હોય તો તેની તેમને ખબર નથી.

અમરતભાઈ દેવાભાઈ પોતાની ફરીયાદમાં '' વિનોદભાઈ લાકડી લઈને આવેલા તેવું લખાવેલ નથી તેવું સ્વિકારેલ છે. પ્રિતીબેને તેમના રુબરુના નિવેદનમાં વિનોદભાઈ વકીલ અને નયનભાઈએ '' તમને આજે જવા દઈએ છીએ તેવું લખાવેલ નથી. પ્રિતીબેનને બનાવની વાતોવાતથી જાણવા મળેલ તેવું પણ લખાવેલ છે તે હકીકત ખરી હોવાનું જણાવે છે. અરવિંદભાઈ હરીભાઈને બનાવની જાણ વાતોવાતથી થયેલ તેવું લખાવેલ તે વાત ખરી હોવાનું તેમજ આ કામે ફરીયાદીના સગાઓ સિવાય સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તે વાત ખરી હોવાનું જણાવે છે.

-: **મૌખિક અને દસ્તાવેજી પુરાવાની સંયુંકત ચર્ચા** :-

(૨૨) ફરીયાદી તરફે વિ.એડી.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેની મૌખિક દલીલો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામે આરોપીઓ વિરુઘ્ઘ આંક: ૯ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક: ૯ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ઘ્યાને લેતાં, તા. ૩૧/૩/૧૩ ના રોજ ક. ૨૨/૦૦ વાગે મોજે પાલનપુર મીઠીવાવડી ખાતે આરોપી નં. ૫ તથા સાહેદ હીતેશભાઈ વચ્ચે રસ્તા ઉપર ચાલવા બાબતે બોલાચાલી થતાં, આ કામના ફરીયાદી સમજાવવા જતાં, આ તકરારની અદાવત રાખી, આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચી, તેના તમામ આરોપીઓ સભ્ય બની આરોપીઓએ તલવાર તથા મુદ્દામાલ લાકડી જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, ફરીયાદી તથા સાહેદો પર હુલ્લડ કરી, આરોપી નં. ૫ નાએ ફરીયાદીના જમણા હાથના કાંડા ઉપર તલવાર મારી, તથા આરોપી નં. ૧ થી ૪ નાએ ફરીયાદી તથા સાહેદ હીતેશભાઈને લાકડીઓથી શરીરે માર મારી તથા આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ હીતેશભાઈને ગડદાપાટુનો માર મારી, ફરીયાદી તથા સાહેદને સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી, ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી, અપમાનીત કરી, ઉશ્કેરાટને કારણ આપી, ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકી આપી, ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**મુદા નં.૧** :-

(૨૩) આંક: ૯ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ઘ્યાને લેતાં, તા. ૨૧/૩/૧૩ ના રોજ ક. ૨૨/૦૦ વાગે મોજે પાલનપુર મીઠીવાવડી ખાતે આરોપી નં. ૫ તથા સાહેદ હીતેશભાઈ વચ્ચે રસ્તા ઉપર ચાલવા બાબતે બોલાચાલી થતાં, આ કામના ફરીયાદી સમજાવવા જતાં, આરોપી નં.૫ નાએ ફરીયાદીને તલવાર મારેલ અને આ તકરારની અદાવત રાખી, આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચી તેના તમામ

આરોપીઓ સભ્ય બની આરોપી નં. ૧ થી ૪ નાઓ પ્રાણઘાતક હથીયાર લાકડીઓ ધારણ કરી, ફરીયાદી તથા સાહેદો પર હુલ્લડ કરી, આરોપી નં. ૧ થી ૪ નાએ ફરીયાદી તથા સાહેદો હિતેશભાઈને લાકડીથી તેમજ ગડદાપાટુનો માર મારી, સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી, ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪ સાથે વાંચતા ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો કરેલ સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે ફરીયાદપક્ષે પ્રથમ બનાવ સમયે આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચી, તેના તમામ આરોપીઓ સભ્ય બની, પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, ફરીયાદી તથા સાહેદો પર હુલ્લડ કરી આરોપીઓએ ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો કરેલ છે કે કેમ? તે હકીકત પુરવાર કરવી પડે જેથી પ્રથમ ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ ના પ્રબંધો અને તત્વો જોઈએ તો તે નીચે મુજબ છે.

**ભારતીય દંડ સંહિતાની ક.૧૪૩– સજા**.

કોઈપણ વ્યકિત, ગેરકાનૂની મંડળીની સભ્ય હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની ક.૧૪૩– તત્વો** :–

(૧) પાંચ કે તેથી વધુ વ્યકિતની બનેલી ગેરકાનૂની મંડળી.

(૨) આરોપી તેવી ગેરકાનૂની મંડળીનો સભ્ય હતો.

(૩) આ ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ કલમ–૧૯૧ માં દર્શાવ્યા પ્રમાણેના પાંચ પૈકી એક અથવા તે કરતાં વધારે હતો.

(૪) મંડળી ગેરકાનૂની છે તેવી જાણકારી આરોપીને હતી.

કલમ–૧૪૧ તથા ૧૪૨ ના તમામ તત્વો આ કલમ હેઠળનો ગુનો પુરવાર થવા માટે હોવા આવશ્યક છે.

આમ, કલમ ૧૪૧ તથા ૧૪૨ ના તમામ તત્વો આ કલમ હેઠળનો ગુનો પુરવાર થવા માટે આવશ્યક હોઈ, ઈ.પી.કો.ક. ૧૪૧ તથા ૧૪૨ ના પ્રબંધો ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

**<u>ભારતીય દંડ સંહિતાની ક.૧૪૧– ગેરકાનૂની મંડળી .</u>**

પાંચ કે તેથી વધુ વ્યકિઓની મંડળીને 'ગેરકાનૂની મંડળી' કહેવાશે, જો મંડળી રચનાર વ્યકિતઓનો સામાન્ય હેતુ–

(૧) કેન્દ્ર અથવા કોઈ રાજય સરકાર પર અથવા સંસદ અથવા કોઈ રાજયના વિધાન મંડળ પર અથવા જાહેર નોકરની હેસીયતથી પોતે કાનૂની સત્તાનો અમલ કરતો હોય ત્યારે તેવા જાહેર નોકર પર ગુનાહીત બળ અથવા ગુનાહીત બળના દેખાવથી આતંક ફેલાવવાનો, અથવા.

(૨) કોઈ કાનૂન અથવા કાનૂની બજવણીના અમલીકરણનો સામનો કરવાનો, અથવા

(૩) કોઈ બગાડ કે ગુનાહીત અનધિકૃત પ્રવેશ અથવા અન્ય ગુનો કરવાનો, અથવા

(૪) કોઈ વ્યકિતને ગુનાહીત બળ અથવા ગુનાહીત બળના દેખાવ વડે કોઈ મિલ્કત લેવા અથવા મેળવવા અથવા કોઈ વ્યકિતને રસ્તાના અધિકારના અથવા પાણીના ઉપયોગના હકકથી અથવા અન્ય અમૂર્ત હકકો કે જેના તે કબ્જા કે ભોગવટામાં હોય તેના ઉપયોગથી વંચિત કરવાનો અથવા કોઈ અધિકાર કે માની લીધેલા અધિકારને સ્થાપીત કરવાનો, અથવા

(૫) કોઈ વ્યકિતને તે જે ન કરવા બંધાયેલ હોય તે કરવા અથવા જે કરવા કાનૂની રીતે હકકદાર હોય તે ન કરવા ગુનાહી બળ અથવા ગુનાહીત બળના દેખાવ વડે ફરજ પાડવાનો હોય.

**<u>ભારતીય દંડ સંહિતાની ક.૧૪૧ ના મહત્વના ત્રણ તત્વો</u>:–**

(૧) પાંચ અથવા તેથી વધુ વ્યકિત.

(૨) તમામનો સામાન્ય હેતુ.

(૩) જે સામાન્ય હેતુ કલમમાં દર્શાવેલ પાંચ પૈકી કોઈ એક કે એક કરતાં વધારે હોય.

**ભારતીય દંડ સંહિતાની ક.૧૪૨– ગેરકાનૂની મંડળીના સભ્ય હોવું**

કોઈપણ વ્યકિત જે બાબત કોઈ મંડળીને કાનૂન વિરુધ્ધની મંડળી બનાવે, તે બાબતથી માહિતગાર હોવા છતાં ઈરાદાપૂર્વક તે મંડળીમાં જોડાય અથવા ચાલુ રહે તે ગેરકાનૂની મંડળીની સભ્ય કહેવાય.

**ભારતીય દંડ સંહિતાની ક.૧૪૭– હુલ્લડ માટે સજા** :–

કોઈપણ વ્યકિત, હુલ્લડ માટે દોષીત હોય તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

ઈ.પી.કો.ક. ૧૪૭ માં હુલ્લડ સબબ સજાની જોગવાઈ કરવામાં આવેલ છે ત્યારે હુલ્લડ સબબની વ્યાખ્યા કલમ ૧૪૬ માં આપવામાં આવેલ હોઈ ઈ.પી.કો.ક. ૧૪૬ ના પ્રબંધો ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

**ભારતીય દંડ સંહિતાની ક.૧૪૬– હુલ્લડ** :–

કોઈ ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તે મંડળી અથવા તેનો કોઈ સભ્ય બળ અથવા હિંસાનો ઉપયોગ કરે ત્યારે તે મંડળીનો પ્રત્યેક સભ્ય હુલ્લડના ગુના માટે દોષીત છે.

**ભારતીય દંડ સંહિતાની ક.૧૪૬– તત્વો** :–

કલમ–૧૪૧ તથા કલમ–૧૪૨ ના તત્વો તથા સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરવામાં આવેલ બળ અથવા હિંસા એ આ કલમના તત્વો ગણાય. આ કલમના તત્વો નીચે મુજબ છે :–

(૧) પાંચ અથવા તેથી વધુ વ્યકિત.

(૨) તમામનો સામાાન્ય હેતુ.

(૩) જે સામાન્ય હેતુ કલમ–૧૪૧ માં દર્શાવેલ પાંચ હેતુ પૈકીમાં એક અથવા તે કરતાં વધારે હોય અને તેવી વ્યકિતઓએ મળીને ગેરકાનૂની મંડળી રચી હોય.

(૪) તે ગેરકાનૂની મંડળી દવારા અથવા તેના કોઈ સભ્ય દવારા સામાન્ય હેતુ પાર પાડવા માટે તેના અનુસંધાને બળ અથવા હિંસાનો ઉપયોગ

કરવામાં આવે. જે કૃત્યમાં ઉપરના તત્વો આવે તે કૃત્ય હુલ્લડ ગણાય. બળ અથવા હિંસાની અથવા હિંસાની માત્રા અગત્યની બાબત નથી, માત્ર બળ અથવા હિંસાનો ઉપયોગ થાય તે પર્યાપ્ત ગણાશે.

(૨૪) ઉપરોકત ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેતાં, ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પ્રથમ પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા ગેરકાયદેસર મંડળી રચેલ સબબ હકીકત પુરવાર કરવી પડે.

(૨૫) આ કામે આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ આંક: ૯ નું તહોમતનામા સાથે આંક: ૫૬ થી રજુ થયેલ ફરીયાદ ધ્યાને લેતાં, બનાવના દિવસે આરોપી નં. ૫ તથા સાહેદ હિતેશભાઈને રસ્તા ઉપર ચાલવા બાબતે બોલાચાલી તકરાર થયેલ હોઈ, ફરીયાદી સમજાવવા જતાં, આરોપી નં. ૫ નાએ ફરીયાદીના જમણા હાથના કાંડા ઉપર તલવાર મારેલ અને તે વખતે હોબાળો થતાં, આરોપી નં. ૫ ના કુટુંબી આરોપી નં. ૧ થી ૪ નાઓ લાકડીઓ લઈ આવી, ફરીયાદીને જેમતેમ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારેલ આ દરમ્યાન સાહેદ હિતેશભાઈ છોડાવવા વચ્ચે પડતાં, તેઓને પણ લાકડી તથા ગડદાપાટુનો માર મારેલ સબબ ફરીયાદ હકીકત જાહેર થયેલ છે ત્યારે સમગ્ર ફરીયાદ હકીકત સાથે ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ ના પ્રબંધો ધ્યાને લેતાં, ''**સામાન્ય હેતુ**'' <u>માટે એ જરુરી નથી કે ગુનો બનતાં પુર્વે એકમત અથવા પુર્વ મસલત થયેલું જ હોય. સામાન્ય હેતુ હકીકતનો પ્રશ્ન છે અને તે કેટલાંક કૃત્યોના આધારે નકકી કરી શકાય</u> અને તે રીતે હાલના કેસમાં જોઈએ તો, સાહેદ હિતેશભાઈ અને આરોપી નં. ૫ ને રસ્તામાં ચાલવા બાબતે તકરાર થયેલ ત્યારબાદ ફરીયાદી સ્થળ ઉપર આવી સમજાવવા જાય છે ત્યારે આરોપી નં. ૫ નાએ ફરીયાદીને જમણા હાથના કાંડા ઉપર તલવાર મારે છે ત્યારબાદ હોબાળો થયા બાદ આરોપી નં. ૧ થી ૪ નાઓ લાકડી લઈ આવી પાંચેય આરોપીઓ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી તેમજ સાહેદ હિતેશભાઈને ગડદાપાટુનો તેમજ લાકડીઓથી માર મારે છે ત્યારે આરોપીઓનો સામાન્ય હેતુ એકમાત્ર સાહેદ હિતેશભાઈ અને આરોપી નં. ૫ ને રસ્તામાં ચાલવા બાબતે તકરાર થયેલ હોઈ

આ તકરારની અદાવત રાખી, સાહેદ હિતેશભાઈ પર હુમલો કરવાનો હતો. પરંતુ આવી હકીકતને આંક: ૫૫ ના ફરીયાદી તથા આંક: ૫૮ ના સાહેદનો પુરાવો સમર્થન કરતા જણાતો નથી. આંક: ૫૫ થી ફરીયાદીએ તેમના પુરાવામાં બનાવ સમયે હિતેશભાઈ અને આરોપી નં. ૫ એકબીજા સાથે તકરાર કરતા હોઈ તેઓ છોડાવવા જતાં આરોપી નં. ૫ નાએ તેમના હાથમાં કાંડા ઉપર તલવાર મારેલ ત્યારબાદ આરોપી નં. ૧ થી ૪ નાઓ લાકડીઓ લઈ આવી માત્ર ગાળો તેમજ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ સબબ પુરાવો આપેલ છે ત્યારે આરોપીઓનો સામાન્ય હેતુ સાહેદ હિતેશભાઈ પર હુમલો કરી વ્યથા પહોંચાડવાનો હોય તો તેવી હકીકતને આંક: ૫૫ થી ફરીયાદીનો પુરાવો સમર્થન કરતા નથી. જો ખરેખર આરોપીઓનો એકમાત્ર સામાન્ય હેતુ આરોપી નં. ૫ ને સાહેદ હિતેશભાઈ સાથે રસ્તામાં ચાલવા બાબતે તકરાર થયેલ હોઈ, તેની અદાવત રાખી, સાહેદ હિતેશભાઈ પર હુમલો કરવાનો સામાન્ય હેતુ હોય તો, આરોપી નં. ૧ થી ૪ નાઓ પ્રાણઘાતક હથીયાર લાકડીઓ સાથે સ્થળ ઉપર આવે છે તેમછતાં, સાહેદ હિતેશભાઈને આવા પ્રાણઘાતક હથીયાર વડે કોઈ ઈજા પહોંચાડતા નથી માત્ર ગાળો તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપે છે, કોઈ બળ અથવા હિંસાનો પ્રયોગ કરતા નથી ત્યારે આરોપીઓનો સામાન્ય હેતુ સાહેદ હિતેશભાઈ પર હુમલો કરવાનો હોય તો તેવી હકીકતને ફરીયાદીના પુરાવાથી સમર્થન મળતું નથી. વધુમાં, આંક: ૫૮ થી સાહેદ હિતેશભાઈનો પુરાવો ધ્યાને લેતાં, બનાવના દિવસે તેઓ ઘરની બહાર ઉભા હતા ત્યારે નયનભાઈ સવાભાઈ ચમાર તેઓની લાલ કલરની ટવેરા ગાડી ચલાવીને પહેલા ગાય ઉપર નાંખેલી પછી તેમના ઉપર નાંખેલી અને નયનભાઈ દારુ પીધેલ હતા અને તે દરમ્યાન આરોપી નં. ૧ થી ૪ આવી ગાળા ગાળી કરવા લાગેલા પછી તેમના કાકા અમરતભાઈએ આવી આરોપી નં. ૫ ને દારુ પીને રહેઠાણવાળા એરીયામાં સ્પીડે ગાડી ચલાવો છો તો કોઈને વાગશે તેમ કહેતાં, આરોપી નં. ૫ ઘરે જઈ તલવાર લઈ આવી તેમના કાકા એટલે કે, ફરીયાદીને જમણા હાથ ઉપર તલવાર મારેલી અને તેઓ છોડાવવા જતાં, બીજા સાથે હતા તેઓએ તેમને પણ માર મારેલ સબબ પુરાવો આપે છે ત્યારે બનાવ સમયે આરોપી નં. ૫ ને સાહેદ હિતેશભાઈ સાથે રસ્તામાં ચાલવા બાબતે બોલાચાલી તકરાર થયેલ હોઈ આ તકરારની

અદાવત રાખી, સાહેદ હિતેશભાઈ પર હુમલો કરવાનો આરોપીઓનો સામાન્ય હેતુ હોય તો તેવી હકીકતને સાહેદ હિતેષભાઈના પુરાવાથી સમર્થન મળતું નથી. સાહેદ હિતેષભાઈના પુરાવા મુજબ આરોપી નં.૫ નાએ દારુ પી ગાડી ગાય ઉપર નાંખ્યા બાદ તેઓ ઉપર નાંખતાં ફરીયાદીએ આ બાબતે આરોપી નં. ૫ને ઠપકો આપતાં, આરોપી નં. ૫ નાએ એ ફરીયાદી પર હુમલો કરેલ અને તેઓ છોડાવવા જતાં આરોપીઓએ તેમને પણ માર મારેલ સબબ પુરાવો આપતા હોય ત્યારે સાહેદ હિતેષભાઈના પુરાવા મુજબ આરોપી નં.૫ અને ફરીયાદીને દારુ પી ગાડી નહીં ચલાવવા બાબતે ઠપકો આપતાં તેની અદાવતના કારણે આરોપીઓએ ફરીયાદી પર હુમલો કરેલ અને તેઓ છોડાવવા જતાં તેઓને પણ માર મારેલ તેવું જણાય છે ત્યારે આરોપીઓનો સામાન્ય હેતુ સાહેદ હિતેષભાઈ સાથે રસ્તામાં ચાલવા બાબતે તકરાર થયેલ હોઈ તેની અદાવત રાખી, સાહેદ હિતેષભાઈ પર હુમલો કરવાનો હોય તો તેવી હકીકતને સાહેદ હિતેષભાઈના પુરાવાથી પણ સમર્થન મળતું નથી.

(૨૬) વધુમાં, આંક: ૫૫ થી ફરીયાદીનો પુરાવો તથા આંક: ૫૬ થી ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો, પ્રથમ સ્થળ ઉપર માત્ર આરોપી નં. ૫ હતા અને તેઓએ ફરીયાદીને તલવાર માર્યા બાદ સ્થળ ઉપર આરોપી નં. ૧ થી ૪ નાઓ હથીયાર લાકડી સાથે આવેલ હોય ત્યારે આરોપી નં. ૧ થી ૪ નાઓ હથીયાર લાકડી સાથે સ્થળ ઉપર આવ્યા બાદ તમામ આરોપીઓ એટલે કે, આરોપી નં. ૧ થી ૫ નાએ ફરીયાદી કે સાહેદોને કોઈ માર મારી હુમલો કરેલ હોય તો તેવી હકીકતને આંક: ૫૫ ના ફરીયાદીના પુરાવાથી સમર્થન મળતું નથી. આમ, ફરીયાદીના પુરાવાથી બનાવ સમયે પાંચ કે તેથી વધુ આરોપીઓની સ્થળ ઉપરની હાજરી સાથે સામાન્ય હેતુ પુરવાર થતો નથી.

(૨૭) આ કામે આંક: ૫૮ થી સાહેદ હિતેષભાઈનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આરોપીઓની સ્થળ ઉપરની હાજરી સબબ આંક: ૫૬ ની ફરીયાદ તથા આંક: ૫૫ ના ફરીયાદીના પુરાવાથી વિરોધાભાસ પ્રેરે છે. આંક: ૫૮ ના સાહેદના પુરાવા મુજબ આરોપી નં. ૫ ફરીયાદીને તલવારથી મારે છે ત્યારે આરોપી નં. ૧ થી ૪ નાઓ પ્રથમથી સ્થળ ઉપર હાજર હોવાનું જણાવેલ છે જયારે ફરીયાદ જોતાં, આરોપી નં. ૫ ફરીયાદીને તલવારથી માર

મારે છે ત્યારબાદ હોબાળો થતાં આરોપી નં. ૧ થી ૪ સ્થળ ઉપર આવે છે તેમ જણાવેલ છે. આમ, આંક: ૫૮ ના સાહેદનો પુરાવો સ્થળ ઉપર આરોપીઓની હાજરી સબબ વિરોધાભાસ સર્જે છે.

(૨૮) વધુમાં, બનાવનું કારણ જોતાં પણ સાહેદ હિતેશભાઈ અને આરોપી નં. ૫ વચ્ચે રસ્તામાં ચાલવા બાબતે તકરાર થતાં, ફરીયાદી વચ્ચે પડતાં, આરોપીઓએ આ બનાવના અનુસંધાને સાહેદ હિતેષભાઈ પર હુમલો કરવાના ઈરાદે ગેરકાયદેસર મંડળી રચી, તેના સભ્ય બની, હથીયારો સાથે સાહેદ હિતેષભાઈ પર હુમલો કરવાનો સામાન્ય હેતુ ધરાવતા હોય તો ફરીયાદીના પુરાવા મુજબ સ્થળ ઉપર માત્ર આરોપી નં. ૫ નાએ જ ફરીયાદીને તલવારથી માર મારેલ છે જયારે બાકીના આરોપી નં. ૧ થી ૪ નાઓ ફરીયાદી પર હુમલો થયા બાદ સ્થળ ઉપર આવી માત્ર ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી જ આપતા હોય ત્યારે બનાવનું કારણ અને બનાવ જે રીતે બનેલ છે તે ધ્યાને લેતાં, સાથે ઈ.પી.કો.ક. ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯ ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેતાં, પાંચ કે તેથી વધુ આરોપીઓનું સંખ્યાબળ સબબનું મહત્વનું તત્વ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આરોપીઓએ સાહેદ હિતેષભાઈ પર હુમલો કરવાનો સામાન્ય હેતુ ધરાવી આ સામાન્ય હેતુ પાર પાડવા તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી તેના તમામ આરોપીઓ સભ્ય બની પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, સાહેદ હિતેષભાઈ પર હુમલો કરેલ હોય તો તેવી હકીકતને ઉપર ચર્ચા કર્યા મુજબ રજુ પુરાવો તથા સંજોગો સમર્થન કરતા નથી. જેથી આરોપીઓ વિરુધ્ધ **ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.**

(૨૯) હવે આરોપીઓ વિરુધ્ધ આંક: ૯ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪ અન્વયે પણ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે ખરેખર બનાવ સમયે આ કામના આરોપી નં. ૫ તથા સાહેદ હિતેશભાઈ વચ્ચે રસ્તા ઉપર ચાલવા બાબતે બોલાચાલી થતાં, ફરીયાદી સમજાવવા જતાં, આરોપી નં. ૫ નાએ ફરીયાદીને તલવાર મારી તેમજ આરોપી નં. ૧ થી ૪ ફરીયાદી તથા સાહેદ હિતેશભાઈને

લાકડીઓથી શરીરે માર મારી તથા આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ હિતેશભાઈને ગડદાપાટુનો માર મારી ફરીયાદી તથા સાહેદ હિતેશભાઈને સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી, આરોપીઓએ ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪ અન્વયેનો ગુનો કરેલ સબબ હકીકત ફરીયાદપક્ષ ઉપરોકત કલમોના પ્રબંધોને આધિન રજુ થયેલ પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરે છે કે કેમ તે સબબ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોઈએ તે પહેલા ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪ ના પ્રબંધો ધ્યાને લેવા જરુરી હોઈ જે નીચે મુજબ છે.

**૩૨૩. સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા.**

**વ્યથા** :–
કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નીપજાવે તેણે તેને વ્યથા કરી કહેવાય.

આ કલમમાં પ્રથમ બાબત શારીરિક પીડા કે રોગ કે અશકિત છે. તે માટે કોઈ કૃત્ય કરવું આવશ્યક છે અને થવા પામેલ વ્યથા માટે આરોપી તરફે કોઈ કૃત્ય જરુરી ગણાય. કેટલીક વ્યથા એવી પણ હોય છે કે જેમાં હિંસા કે શારીરિક બળનો પ્રયોગ કરવામાં આવ્યો ન હોય અને છતાં તે વ્યથા ગણાય.

આ કામે, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાને આધીન ભારતીય દંડ સંહિતાની ક.૩૨૩ અન્વયે નીચે મુજબના તત્વો પુરવાર કરવા જરુરી છે.

**ભારતીય દંડ સંહિતાની ક.૩૨૩– તત્વો** :–

(૧) આરોપીએ શારરિક પીડા અથવા અશકિત નીપજાવ્યા.
(૨) આવું કૃત્ય આરોપીએ વ્યા કરવાના ઈરાદે, અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.

**૩૨૪. ભયાનક શસ્ત્રો કે સાધનો દવારા સ્વેચ્વછાપૂર્વક મહાવ્યથા પહોંચાડવી.**

કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં દર્શાવેલા સંજોગોમાં હોય તે સીવાય, ગોળી છોડવાના, ભોંકવાના અથવા કાપવાના કોઈ સાધન વડે અથવા જે સાધનને આક્ર મક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નીપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે અથવા કોઈ ઝેરી કે ક્ષયજનક પદાર્થ વડે અથવા

કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નીવડે તેવા પદાર્થ વડે અથવા કોઈ પણ પ્રાણી મારફત સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

<u>ભારતીય દંડ સંહિતાની ક.૩૨૪– તત્વો</u> :–

(૧) આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નીપજાવી.

(૨) આવી ઈજા આરોપીએ, ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં એટલે કે સ્વેચ્છાપૂર્વક પહોંચાડી.

(૩) આ ઈજા ગોળી છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નીપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નીવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

(૩૦) ઉપરોકત ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪ ના પ્રબંધો અને તત્વો સાથે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો, પ્રથમ આંક: ૫૫ થી ભોગબનનાર ફરીયાદી અમરતભાઈનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, બનાવ તા. ૩૧/૩/૧૩ ના રોજ બનેલો. આ વખતે તેઓ મીઠી વાવથી તેમના ઘર બાજુ જવાના રસ્તે જતા હતા તે વખતે હિતેશભાઈ અને નયનભાઈ એકબીજા સાથે તકરાર કરતા હતા પછી તેઓ તેઓને છોડાવવા ગયેલા. નયનભાઈના હાથમાં તલવાર હતી જે તેમને જમણા હાથના કાંડા ઉપર મારેલ સબબ પુરાવો આપેલ છે ત્યારે આંક: ૫૫ થી ફરીયાદીના પુરાવા સાથે આંક: ૧૮ થી ફરીયાદીને સારવાર આપનાર આંક: ૧૮ ના તબીબી અધિકારીશ્રીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી અમરતભાઈ તેમની સમક્ષ સારવાર સારુ આવતાં, કેસ હીસ્ટ્રીમાં તલવારથી હુમલો કરવામાં આવેલ સબબ કેસ હીસ્ટ્રી આપેલ અને દર્દીને તપાસતાં એક કપાયેલો ઘા જમણા કાંડા ઉપર જેની સાઈઝ ૫ × ૧/૨ સેમી. ઉંડી અને ૧/૪ પહોળાઈની હતી. જમણા

કાંડાનો એકસ–રે કરાવતાં કોઈ ફ્રેકચર જોવા મળેલ નહીં. દર્દીને થયેલ ઈજા મુદ્દામાલ તલવારથી થઈ શકે તેવી હોવા સબબ પુરાવો આપેલ છે.

(૩૧) આમ, આંક: ૫૫ થી ફરીયાદીના પુરાવા સાથે આંક: ૧૮ નો તબીબી પુરાવો ધ્યાને લેતાં, તબીબી પુરાવાથી ફરીયાદીને જમણા કાંડા ઉપર વ્યથા થયેલ હોવાની હકીકતને તેમજ આ ઈજા તલવારથી થઈ શકે તે સબબની સંભાવનાને સમર્થન મળે છે. પરંતુ હાલના કામે જયારે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૨૩, ૩૨૪ અન્વયે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે આવી ઈજા હાલના આરોપીઓ કે તે પૈકી કોઈ આરોપીએ કરેલ છે કે કેમ તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરવું પડે. આ કામે આંક: ૯ થી આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, બનાવ સમયે આરોપી નં. ૫ નાએ ફરીયાદીને તલવાર મારી વ્યથા પહોંચાડેલ સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે બનાવ સમયે ખરેખર આરોપી નં. ૫ નાએ ફરીયાદીને તલવાર મારી વ્યથા પહોંચાડેલ છે કે કેમ તે સબબ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોઈએ તો, આંક: ૫૫ થી ફરીયાદીનો પુરાવો જ સમર્થન કરતા જણાતો નથી. આંક: ૫૫ થી ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ તેમની બચાવપક્ષની ઉલટ તપાસમાં હિતેશભાઈ, નયનભાઈને તલવાર મારવા જતાં તેમનો હાથ વચ્ચે આવતાં હાથ ઉપર તલવાર તેમને વાગેલ સબબ હકીકત સ્વિકારેલ છે ત્યારે આરોપી નં. ૫ નાએ તેમને તલવાર મારી વ્યથા પહોંચાડેલ હોય તો તેવી હકીકતને આંક: ૫૫ નો ફરીયાદીનો પુરાવો સમર્થન કરતા નથી.

(૩૨) વધુમાં, આંક: ૫૫ ના ફરીયાદીના પુરાવા સાથે આંક: ૫૬ ની ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો, બનાવ તા. ૩૧/૩/૧૩ ના રોજ રાત્રીના ક. ૧૦/૦૦ વાગે બનેલ છે અને આંક: ૧૮ થી તબીબી અધિકારીશ્રીનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદી ઈજા સબબ સારવાર માટે તા. ૩૧/૩/૧૩ ના રોજ સવારના ક. ૧૦/૦૦ વાગે આવેલ હોવાનું જણાવેલ છે. આમ, રજુ પુરાવો જોતાં, બનાવ તા. ૩૧/૩/૧૩ ના રોજ રાત્રે દશ વાગે બનેલ હોય ત્યારે બનાવમાં થયેલ ઈજા સબબ તા. ૩૧/૩/૧૩ ના રોજ સવારે ક. ૧૦/૦૦ વાગે કહેવાતા

બનાવ પહેલા ઈજા સબબ સારવાર મેળવતા હોય ત્યારે પ્રથમદર્શનીય ફરીયાદીને થયેલ ઈજા કહેવાતા બનાવમાં થયેલ હોય સબબ શંકા પ્રેરે છે.

હવે તબીબી અધિકારીશ્રીએ તા. ૩૧/૩/૧૩ ના રોજ રાત્રીના ક. ૧૦/૦૦ વાગે ફરીયાદીને તપાસેલ હોવાછતાં, શરતચુકથી સવારના ક. ૧૦/૦૦ વાગે તપાસેલ હોવા સબબ પુરાવો આપેલ હોય તો પણ બનાવનો સમય અને સારવારનો સમય એક જ હોઈ શંકા પ્રેરે છે. ફરીયાદ મુજબ બનાવ રાત્રીના ૧૦/૦૦ વાગે બનેલ છે અને જે રીતે બનાવ બનેલ છે તે જોતાં, પ્રથમ આરોપી નં. ૫ અને સાહેદ હિતેશભાઈને રસ્તામાં ચાલવા બાબતે બોલાચાલી થતાં ફરીયાદી વચ્ચે પડતાં, ફરીયાદીને તલવારથી માર મારેલ હોય અને ત્યારબાદ બાકીના આરોપીઓ સ્થળ ઉપર આવી ફરીયાદી તથા સાહેદને માર મારેલ હોય અને ત્યારબાદ મહોલ્લાના માણસોએ આવી છોડાવેલ હોય ત્યારે બનાવનો સમગ્ર સમય તથા બનાવ સ્થળથી હોસ્પી. જવાનો સમય ધ્યાને લેતાં, તા. ૩૧/૩/૧૩ ના રોજ રાત્રીના ક.૧૦/૦૦ વાગે ફરીયાદીને તપાસેલ હોવા સબબ પણ શંકા પ્રેરે છે.

હવે ત્રીજી શકયતા સબબ તબીબી અધિકારીશ્રીએ તા. ૧/૪/૧૩ ના રોજ સવારના ક. ૧૦/૦૦ વાગે ફરીયાદીને તપાસેલ હોય તો પણ તબીબી અધિકારીશ્રીનો પુરાવો ધ્યાને લેતાં, દર્દી તપાસ માટે આવેલ ત્યારે જાતે ચાલીને આવેલ અને દર્દી સભાન અવસ્થામાં હતા અને ઈજાના સ્થળે લોહી ચાલુ હતું જેથી બચાવપક્ષે તબીબી અધિકારીશ્રીની ઉલટ તપાસ કરી, દર્દીને ૧૨ કલાક પહેલા ઈજા થયેલ હોય અને લોહી વહેતુ હોય તો દર્દી બેભાન થવાની સંભાવના રહે સબબ બચાવનો પ્રયાશ કરેલ છે જે બચાવના પ્રયાશને તબીબી અધિકારીશ્રીનો પુરાવો તથા રજુ સંજોગો પણ સમર્થન કરતા જણાય છે ત્યારે દર્દીને ચોકકસ કઈ તારીખે કેટલા વાગે તપાસેલ સબબ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવતો નથી અને હીસ્ટ્રી દરમ્યાન પણ તલવારથી હુમલો કોણે કરેલ છે સબબ કોઈ હીસ્ટ્રી ફરીયાદી તબીબી અધિકારીશ્રી સમક્ષ આપતા નથી ત્યારે દર્દીને થયેલ ઈજા બનાવમાં

આરોપીઓ ધ્વારા પહોંચાડવામાં આવેલ હોય તો તેવી હકીકતને તબીબી પુરાવાથી સમર્થન મળતું નથી.

(૩૩) વધુમાં, આંક: ૫૬ થી ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો, હોબાળો થતાં, આરોપી નં. ૫ ના કુટુંબી આરોપી નં. ૧ થી ૪ નાઓ લાકડીઓ લઈ આવી, ફરીયાદીને ગડદાપાટુનો માર મારેલ સબબ ફરીયાદ જાહેર થયેલ છે પરંતુ આંક: ૫૬ ની ફરીયાદ હકીકતને આંક: ૫૫ થી ફરીયાદીનો પુરાવો તથા આંક: ૧૮ તથા ૧૯ નો તબીબી પુરાવો સમર્થન કરતા નથી. ફરીયાદી તેમના આંક: ૫૫ ના પુરાવામાં આરોપીઓએ તેમને કોઈ ગડદાપાટુનો માર મારેલ હોય તો તેવી હકીકતને સમર્થન કરતા નથી. વધુમાં આંક: ૧૮ તથા ૧૯ નો તબીબી પુરાવો ધ્યાને લેતાં પણ દર્દીને માત્ર એક જ ઈજા જમણા કાંડા ઉપર થયેલ છે અને તે પણ તલવારથી થઈ શકે તેવી હોવા સબબ સંભાવના દર્શાવેલ છે ત્યારે ફરીયાદીને આરોપીઓએ કોઈ ગડદાપાટુનો માર મારી સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય તો તેવી હકીકત પણ રજુ પુરાવાથી પુરવાર થતી નથી.

(૩૪) વધુમાં, આંક: ૫૬ થી ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો, આરોપીઓ તેમને ગડદાપાટુનો માર મારતા હતા તે વખતે હિતેશભાઈ મોતીભાઈ છોડાવવા વચ્ચે પડતાં તેઓને પણ લાકડી તથા ગડદાપાટુનો માર મારેલ સબબ ફરીયાદ હકીકત જાહેર થયેલ છે ત્યારે આંક: ૫૫ ના ફરીયાદી તેમના પુરાવામાં આરોપીઓએ સાહેદ હિતેશભાઈને લાકડી તથા ગડદાપાટુનો માર મારેલ હોય તેવી હકીકત જણાવતા નથી. આંક: ૫૮ થી સાહેદ હિતેશભાઈ તેમના પુરાવામાં બનાવમાં તેઓ ફરીયાદીને છોડાવવા જતાં તેમને માર મારેલ સબબ પુરાવો આપેલ છે પરંતુ ચોકકસ કયા આરોપી કે આરોપીઓએ કયા હથીયારથી કેવી રીતે માર મારેલ તે સબબ કોઈ સ્પષ્ટ હકીકત જણાવતા નથી. વધુમાં આંક: ૫૮ ના સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ સાહેદે આરોપી નં. ૫ દારુ પી રહેઠાણવાળા એરીયામાં સ્પીડે ગાડી ચલાવેલ હોઈ તે તેઓએ આરોપી નં. ૫ ને ઠપકો આપેલ હોય અને આ વખતે તમામ આરોપીઓ પ્રથમથી જ સ્થળ ઉપર હાજર હોય સબબ પોલીસ રુબરુના નિવેદન અને ફરીયાદ હકીકત ઉપરાંતની વધારાની અને જુદી હકીકત જણાવે છે. વધુમાં બનાવમાં તેમને પગે લાકડી

અને ગડદાપાટુનો માર મારેલ સબબ પુરાવો આપેલ છે પરંતુ પગે લાકડી મારેલ હોવાછતાં કોઈ તબીબી સારવાર મેળવતા નથી. વધુમાં આ આંક: ૫૮ ના સાહેદે તેમના પુરાવામાં તેઓએ ઠપકો આપ્યા બાદ આરોપી નયનભાઈ તેમના ઘરે જઈ તલવાર લઈને પાછા સ્થળ ઉપર આવે છે સબબ પુરાવો આપતા હોય ત્યારે આંક: ૫૮ ના સાહેદ તથા ફરીયાદી આરોપી નં. ૫ ઘરેથી તલવાર લઈ પરત આવે છે ત્યાં સુધી સ્થળ ઉપર જ હાજર રહે છે અને આરોપી નં. ૫ તલવાર લઈ સ્થળ ઉપર આવવા છતાં સ્થળ છોડી ભાગી જવાનો કોઈ પ્રયત્ન પણ કરતા નથી જે સાહેદની સમગ્ર વર્તણુંક સાથે આ સાહેદના પુરાવાથી ચોકકસ કયા આરોપી કે આરોપીઓએ કયા હથીયારથી કેવી રીતે માર મારેલ તે સબબ કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવતો નથી ત્યારે રજુ પુરાવાથી બનાવ સમયે આરોપીઓએ સાહેદ હિતેશભાઈને લાકડી તથા ગડદાપાટુનો માર મારી સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોવાનું પણ નિ:શંકપણે પુરવાર થતું નથી.

(૩૫) વધુમાં, આ કામે આંક: ૬૧ થી સાહેદ પ્રિતીબેને તેમના પુરાવામાં બનાવમાં આરોપી નં. ૫ નાએ તેમના પતિ એટલે કે, ફરીયાદીના જમણા હાથના કાંડા ઉપર તલવાર મારેલી તથા તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ હિતેશભાઈને લાકડીઓ અને ગડદાપાટુનો માર મારેલ સબબ પુરાવો આપેલ છે તથા આંક: ૬૨ થી સાહેદ અરવિંદભાઈએ તેમના પુરાવામાં આરોપી નં. ૫ નાએ ફરીયાદીના કાંડા ઉપર તલવાર મારેલ સબબ પુરાવો આપેલ છે પરંતુ આંક: ૬૧ તથા આંક: ૬૨ ના પુરાવા સાથે આંક: ૭૨ નો ત.ક.અ.શ્રીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આંક: ૬૧ તથા ૬૨ ના સાહેદે બનાવની જાણ વાતોવાતથી થયેલ સબબ હકીકત પોલીસ રુબુરના નિવેદનમાં જણાવેલ છે ત્યારે આંક: ૬૧ તથા ૬૨ ના સાહેદોનો પુરાવો તે હીયર–સે પુરાવો છે અને આ કામે ઉપરોકત વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ ભોગબનનાર ફરીયાદી તથા સાહેદ હિતેશભાઈના પુરાવાથી બનાવમાં હાલના આરોપીઓએ જ તલવાર,લાકડી તથા ગડદાપાટુનો માર મારી વ્યથા પહોંચાડેલ હોય તો તેવી હકીકત ભોગબનનાર ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી શંકાથી પર પુરવાર થતી નથી ત્યારે માત્ર હીયર–સે પુરાવા પર આધાર રાખી શકાય નહીં.

(૩૬) આમ, ઉપરોકત તમામ ચર્ચા કરી તે મુજબ રજુ પુરાવાથી ફરીયાદીને એક કપાયેલો ઘા જમણા કાંડા ઉપર જણાયેલ હોય અને આવી ઈજા તલવારથી થઈ શકે સબબ સંભાવનાને રજુ તબીબી પુરાવો સમર્થન કરે છે પરંતુ ભોગબનનાર ફરીયાદી તેમના પુરાવામાં જ જયારે હિતેશભાઈ, નયનભાઈને તલવાર મારવા જતાં તેમનો હાથ વચ્ચે આવતાં હાથ ઉપર તલવાર તેમને વાગેલ સબબ હકીકત સ્વિકારતા હોય ત્યારે આરોપી નં. ૫ નાએ ફરીયાદીને તલવાર મારી વ્યથા પહોંચાડેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતું નથી. ફરીયાદીને ઉપરોકત એક ઈજા સિવાય અન્ય કોઈ ઈજા થયેલ હોય તેવું તબીબી પુરાવો જોતાં જણાતું નથી. ગુનાના કામે અન્ય ભોગબનનાર સાહેદ હિતેષભાઈનો સમગ્ર પુરાવો જોતાં, પોલીસ રુબરુના નિવેદન અને ફરીયાદ હકીકતથી વધારાની અને જુદી હકીકત બનાવ સબબ જણાવે છે. આ સાહેદને પગે લાકડીથી ઈજા થયેલ હોવાછતાં કોઈ તબીબી સારવાર મેળવતા નથી. વધુમાં આંક: ૫૮ ના સાહેદનો પુરાવો જોતાં, આરોપી નં. ૫ ને ઠપકો આપ્યા બાદ આરોપી નયનભાઈ તેમના ઘરે જઈ તલવાર લઈને પાછા સ્થળ ઉપર આવે છે તેમછતાં આરોપી નં. ૫ ઘરેથી તલવાર લઈ પરત આવે છે ત્યાં સુધી સ્થળ ઉપર જ હાજર રહે છે અને આરોપી નં. ૫ તલવાર લઈ સ્થળ ઉપર આવવા છતાં સ્થળ છોડી ભાગી જવાનો કોઈ પ્રયત્ન પણ કરતા નથી જે સાહેદની સમગ્ર વર્તણુંક સાથે આ સાહેદના પુરાવાથી ચોકકસ કયા આરોપી કે આરોપીઓએ કયા હથીયારથી કેવી રીતે માર મારેલ તે સબબ કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવતો નથી. ત્યારે ફરીયાદ મુજબનો ખરેખર બનાવ બનેલ છે કે કેમ અને આ બનાવમાં આરોપીઓએ જ ફરીયાદી તથા સાહેદને વ્યથા પહોંચાડેલ હોય તો તેવી હકીકત રજુ પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૩૭) તેમછતાં, આ કામે જયારે આંક: ૧૮ તથા ૧૯ નો સમગ્ર તબીબી પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, ફરીયાદીને એક કપાયેલો ઘા જમણા કાંડા ઉપર જણાયેલ હોય અને આ ઈજા તલવારથી થઈ શકે સબબ સંભાવના દર્શાવેલ છે ત્યારે ભોગબનનાર ફરીયાદી જ તેમના પુરાવામાં હિતશભાઈ, નયનભાઈને તલવાર મારવા જતાં તેમના હાથ વચ્ચે આવતાં હાથ ઉપર તલવાર તેમને વાગેલ સબબ હકીકત સ્વિકારતા હોય ત્યારે ફરીયાદીને હાથ ઉપર

તલવારથી ઈજા થયેલ છે તે આરોપી નં. ૫ નયનભાઈએ પહોંચાડેલ હોય તેવું પુરવાર થતું નથી પરંતુ ફરીયાદીને થયેલ ઈજા તથા બનાવની સામ સામે ક્રોસ ફરીયાદ થયેલ હોવાનું રેકર્ડ પર આવે છે ત્યારે બનાવ સમયે સાહેદ હિતેશભાઈ અને આરોપી નં. ૫ ને રસ્તામાં ચાલવા બાબતે તકરાર થતાં, ફરીયાદી છોડાવવા વચ્ચે પડતાં, હોબાળો થતાં, ટોળું ભેગુ થયેલ હોય અને હિતેશભાઈએ આરોપી નં. ૫ ને તલવાર મારવા જતાં, ફરીયાદીએ હાથ વચ્ચે કરતાં, અકસ્માતે ફરીયાદીને તલવારથી ઈજા થયેલ હોય તો તેવી સંભાવનાને રજુ પુરાવો તથા સંજોગો સમર્થન કરતા જણાય છે. આમ, રજુ પુરાવાથી બનાવમાં ફરીયાદીને પ્રાણઘાતક હથીયાર તલવારથી વ્યથા પહોંચેલ હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આ વ્યથા હાલના આરાપીઓએ જ પહોંચાડેલ હોય તો તેવી હકીકત રજુ પુરાવાથી પુરવાર થતી નથી ત્યારે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૩૨૪, ૩૨૩ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, **મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં** ઠરાવું છું.

**<u>મુદ્દા નં. ૨ તથા ૩</u>**

(૩૮) આ કામે આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવેલ આંક: ૯ નું તહોમતનામું ધ્યાને લેતાં, આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ અન્વયે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે પરંતુ ઉપરોકત મુદ્દા નં. ૧ માં વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ રજુ પુરાવાથી આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી ત્યારે હવે માત્ર આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના ગુના સબબ નિર્ણય કરવાનો છે ત્યારે બનાવ સમયે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો ઉશ્કેરાઈ જઈ ગુનો કરી બેસે તેવા ઈરાદે ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી, અપમાનીત કરી ઉશ્કેરાટને કારણ આપી, જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકી આપેલ છે કે કેમ તેવી હકીકત ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨)

ના પ્રબંધોને આધિન ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે કેમ તે સબબ પ્રથમ ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨) ના પ્રબંધો અને તત્વો ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

**<u>ભારતીય દંડ સંહિતાની ક.૫૦૪–સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન</u>.**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા અથવા કોઈ ગુનો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈપણ વ્યકિત, ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની ક.૫૦૪ અન્વયેનો ગુનો પુરવાર કરવા રજુ થયેલ પુરાવાને આધીન નીચે મુજબના તત્વો પુરવાર કરવા જરુરી છે.

**<u>ભારતીય દંડ સંહિતાની ક.૫૦૪– તત્વો</u> :–**

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ.

(૨) તેમ કરીને તે વ્યકિત આરોપીને ઉશ્કેરવા માંગતી હતી.

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**<u>ભારતીય દંડ સંહિતાની ક.૫૦૩–ગુનાહીત ધમકી</u>.**

કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિતને તેના શરીર, પ્રતિષ્ઠા કે મિલ્કતને અથવા જે વ્યકિતમાં તે અન્ય વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે કે જેથી તે વ્યકિ ભયભીત થાય અથવા, તેવી ધમકીનો અમલ થતો અટકાવવા માટે પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તે કૃત્ય કરે, અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તે કૃત્ય ન કરે, તેણે તે વ્યકિતને ગુનાહીત ધમકી આપી ગણાય.

ભારતીય દંડ સંહિતાની ક.૫૦૬(૨) અન્વયે શિક્ષાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે અને ભારતીય દંડ સંહિતાની ક.૫૦૬(૨) નો ગુનો ધ્યાને લેતાં, પ્રથમ ફરીયાદ પક્ષે ગુનાહીત ધમકી અને તે ગુનાહીત ધમકી જયારે મૃત્યુ નીપજાવવા કે મહાવ્યથા કરવા કે આગથી કોઈ મિલ્કતનો નાશ કરવા અથવા દેહાંતદંડ કે આજીવન કેદ કે સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ હોય તેવો ગુનો

કરવા અથવા કોઈ સ્ત્રી પર ચારિત્ર્યહિનતાના આક્ષેપ અંગે આપવામાં આવે તો આ પ્રકારની ધમકી આ કલમના ઉતરાર્ધ મુજબ સાત વર્ષની કેદની સજાનેપાત્ર ગણાય. આમ, ભારતીય દંડ સંહિતાની ક.૫૦૬(૨) અન્વયે સામાન્ય ગુનાહીત ધમકી અંગે સજાની જોગવાઈ છે જયારે ઉત્તરાર્ધમાં સાત વર્ષની કેદની સજાની શિક્ષાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે. તેથી, ફરીયાદ પક્ષે ભારતીય દંડ સંહિતાની ક.૫૦૬(૨) નો ગુનો પુરવાર કરવા નીચે મુજબના તત્વો રજુ થયેલ પુરાવાને આધીન પુરવાર કરવા જરુરી છે.

**<u>ભારતીય દંડ સંહિતાની ક.૫૦૬(૨)–તત્વો</u>** :–

(૧) આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલ્કત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી.

(૨) આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી, અથવા આવી ધમકી મૃત્યુ નીપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલ્કતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાનેપાત્ર ગુનો કરવા અંગેની હતી, અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

(૩૯) ઉપરોકત ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨)ના પ્રબંધો સાથે આંક: ૫૫ થી ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, બનાવમાં આરોપી નં. ૧ થી ૪ નાઓ અપશબ્દો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ સબબ હકીકત જણાવેલ છે પરંતુ ચોકકસ કયા આરોપીએ ચોકકસ શું શબ્દોમાં ગાળો બોલેલ તેવી સ્પષ્ટ હકીકત ફરીયાદીના પુરાવાથી સ્પષ્ટ થતી નથી. વધુમાં, ફરીયાદ જોતાં, તમામ આરોપીઓએ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ સબબ ફરીયાદ હકીકત જાહેર થયેલ છે જયારે ફરીયાદી તેમના પુરાવામાં માત્ર આરોપી નં. ૧ થી ૪ નાએ જ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ સબબ પુરાવો આપે છે. આમ, રજુ પુરાવાથી ચોકકસ કયા આરોપીએ શું શબ્દોમાં ગાળો બોલેલ

તે હકીકત સ્પષ્ટ થતી નથી. વધુમાં, ચોકકસ કયા આરોપીઓએ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ તે સબબ ફરીયાદ તથા ફરીયાદીનો પુરાવો વિરોધાભાસ પ્રેરે છે. વધુમાં, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતાં, રજુ પુરાવાથી બનાવ સમયે આરોપીઓએ ફરીયાદી ઉશ્કેરાઈ જઈ, જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી બેસે તેવા ઈરાદે ભુંડી ગાળો અપમાનજનક અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી ઉશ્કેરાટનું કારણ આપેલ હોય તેવું પણ પુરવાર થતું નથી ત્યારે ઈ.પી.કો.ક. ૫૦૪ ના પ્રબંધો અને તત્વો પણ રજુ પુરાવાથી પુરવાર થતા ન હોઈ, તેમજ ઈ.પી.કો.ક. ૫૦૬(૨) ના પ્રબંધો ધ્યાને લેતાં, એકમાત્ર ધમકીના શબ્દ ઉચ્ચરવા માત્રથી ઈ.પી.કો.ક. ૫૦૬(૨) અન્વયે ગુનો બનતો નથી પરંતુ આવી ધમકીથી બનાવ સ્થળે ભયનું વાતાવરણ પેદા થયેલ હોય અને ફરીયાદી તથા સાહેદ પોતાનું રોજીંદુ કાર્ય કરવા અસમર્થ બનેલ હોય કે, ફરીયાદી અને આરોપીઓ એક જ મહોલ્લામાં રહેતા હોવાછતાં, ફરીયાદી અને આરોપીઓ વચ્ચે આ બનાવના અનુસંધાને આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી તેના અનુસંધાને અન્ય કોઈ બનાવ બનેલ હોય તો તેવી હકીકત રજુ પુરાવાના આધીન પુરવાર થતી નથી ત્યારે આ તમામ હકીકતો સાથે ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨) ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. જેથી **મુદ્દા નં. ૨ તથા ૩ નો જવાબ નકારમાં** ઠરાવવામાં આવે છે.

(૪૦) આમ, આ કામે, બન્ને પક્ષ તરફે રજુ થયેલ દલીલો તેમજ ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની અગાઉ વિસ્તૃત ચર્ચા અને છણાવટ કરેલ છે તે ચર્ચાને આધીન, ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ આંક: ૯ નું તહોમતનામું પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, **મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૪ માટે** નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧: ક્રિમી. પ્રોસી. કોડની ક.૨૩૫ (૧) મુજબ, આરોપી નં. (૧) વિનોદભાઈ રત્નાભાઈ ચૌહાણ, (૨) આશિષ ઉર્ફે લાલાભાઈ ખેંગારભાઈ ચૌહાણ, (૩) હરીભાઈ થોભનભાઈ ચૌહાણ, (૪) મુકેશભાઈ જેઠાભાઈ ચૌહાણ, (૫) નયનભાઈ સવાભાઈ ચૌહાણ, તમામ રહે. મીઠીવાવડી, તા. પાલનપુર, જી. બનાસકાંઠાને ભારતીય દંડ સંહિતાની ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) અન્વયે સજાનેપાત્ર ગુનો કર્યાના તહોમત સબબ, નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨: અપીલ સમય વિત્યેથી મુદ્દામાલનો નાશ કરવો.

૩: ક્રિમી. પ્રોસી. કોડની નવી સુધારેલી ક.૪૩૭(એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ તમામ આરોપીઓએ રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર) નો જાત-મુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી ૬ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર.
તારીખ : ૨૬/૦૨/૧૮

**(શુભદા કૃષ્ણકાન્ત બક્ષી)**
સ્પેશ્યલ જજ,
બનાસકાંઠા-પાલનપુર
**(કોડ નં.જી.જે.૦૦૩૭૭)**